eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 338
Aug 16, 2013

## મોજે : સીમાડામાં આવેલ વ્રજસેકટર–૨ માં આવેલ કામધેનું એપાર્ટમેન્ટમાં ઓ.ટી.એસ. તેમજ ગેલેરીમાં કરેલ બાંધકામનું ડીમોલીશન ઠાકોરદ્વાર માં ગેરકાયદેસર દુકાનોના શટર દુર કરતું વરાછા ઝોન.

પૂર્વ(વરાછા) જોન માં મોજે : સીમાડા, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮ (પુણા–સીમાડા), બ્લોક નં.૨૯, ફા.પ્લોટ નં.૧૫૫ માં આવેલ કામધેનુ એપાર્ટમેન્ટના ફલેટ નં.૧૦૬, ૨૦૧, ૨૦૩, ૨૦૭, ૨૦૮ તથા ૪૦૧ માં ઓ.ટી.એસ. તેમજ ગેલેરીમાં મંજૂર પ્લાનની વિરૂધ્ધ કરવામા આવેલ આર.સી.સી. સ્લેબ તથા ચણતર કામ આશરે ૩૫૦.૦૦ ચો. ફૂટ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડી દુર કર્યુ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) માં તા.૦૮/૦૮/૨૦૧૩ ના રોજ બે (૦૨) સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

હટી.પી.૧ (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૨૯ માં આવેલ રામજીનગર સોસાયટીના સબપ્લોટ નં.૧૫,૧૬ માં આવેલ મિલકતનું મંજુર પ્લાન વગરનું બાંધકામ ચાલી રહ્યું હતું જે અત્રેથી વખતોવખત અટકાવવામાં આવેલ, પરંતુ બાંધકામ ફરીથી ચાલુ કરવામાં આવતા,...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૦૮/૦૮/૨૦૧૩ ના ગુરુવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ) રે.સ.નં.૪૫૯/૧, ફા.પ્લોટ નં.૯, માં આવેલ તાપીનગર સોસાયટીના સબ પ્લોટ નં.બી/૧૯ માં મિલ્કતદાર ધ્વારા હયાત ચાર માળની મિલ્કતમાં પાંચમા માળ શરૂ કરેલ આશરે ૧૨૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરેલ આર.સી.સી. સ્લેબ તેમજ કોલમોનું પરવાનગી વગરનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દૂર કરવામા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧૫મી ઓગષ્ટ : સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કાર્યક્રમ



ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા રંગપૂરણી સ્પર્ધા અને વેશભુષા હરિફાઈનું આયોજન તા.૦૮/૦૮/૨૦૧૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭, ઈશ્વરપુરા–નવાગામ, નવાગામ ડીંડોલી વોર્ડ ઓફિસની બાજુમાં, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ગેરકાયદેસર મિલ્કતોને ગુડા –૨૦૧૧ (ઈમ્પેકટ ફી) કાયદા હેઠળ કાયદેસર કરવા ઈમ્પેકટ ફી અંગેની અરજીઓ અરજદારશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ

સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૩(નવાપુરા), વોર્ડ નં.૪(બેગમપુરા), વોર્ડ નં.૫(હરિપુરા), વોર્ડ નં.૬(મહિધરપુરા), વોર્ડ નં.૭(રામપુરા) વિસ્તારમાં આવેલ ગેરકાયદેસર મિલ્કતોને ગુડા –૨૦૧૧ (ઈમ્પેકટ ફી) કાયદા હેઠળ કાયદેસર કરાવવા અંગે આજે તા.૦૮/૦૮/૧૩ ના રોજ સવારે ૯.૩૦ કલાક ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટ્રાફિક નિયંત્રણ માટે ખાંડબજાર થી લઈને સરથાણા જકાતનાકા સુધી એક રાઉન્ડ ગોઠવવામાં આવેલ

આજરોજ સવારે ૧૦:૦૦ કલાકે વરાછા વિસ્તારમાં આવેલ તમામ ટ્રાફીક જંકશન પર ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી સાથે શાસકપક્ષના નેતા આર.કે.લાઠીયા, કોર્પોરેટરશ્રી અરવિંદભાઈ ગોયાણી, કોર્પોરેટરશ્રી મુકેશભાઈ કોઠીયા, ટ્રાફિક સેલના કાર્યપાલક ઈજનેર ...

વધુ માટે કલીક કરો >>>>>>



## કુપોષણ સુરત છોડો અભિયાન અંતગર્ત આંગણવાડીનો કેન્દ્રો ખાતે ૫૨,૦૦૦ સફરજન વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા તથા સુરત હોલ સેલ ફ્રૂટ વેચનારાઓની સહકારી મંડળી લી. (મહાત્માગાંધી ફ્રૂટ માર્કેટ) ના સહિયારા પ્રયાસથી આજરોજ તા.૧૨/૮/૧૩ના રોજ સવારે ૮:૩૦ કલાકે અક્ષયપાત્ર સંસ્થા આઈમાતા ચોક પાસે આંગણવાડી કેન્દ્રો ખાતે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જુલાઈ ૨૦૧૩ સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુલાઈ ૨૦૧૩ દરમ્યાન ૪૦૫૯ ઈન્ડોર તથા ૪૧૭૨૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૦૫૨ તથા ૫૫૨ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૮૧૬૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ મારફત તા.૧૦/૦૮/૨૦૧૩ તથા તા.૧૨/૦૮/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે

મોજે ફુલપાડા વિસ્તારમાં જુની જી.આઈ.ડી.સી.ની બાજુમાં કેનાલ રોડ ઉપર આવેલ ઉત્કલનગર ઝુંપડાવાસીઓ પૈકીની રસ્તાના નડતરરૂપ ૭(સાત) ઝુંપડા તથા ૧ (એક) દુકાનનું દબાણ દુર કરી ૪૦૦ ચો. ફુટ માપ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૮/૨૦૧૩ ના રોજ એડી.સીટી. ઈજનેરશ્રીની સુચના મુજબ અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરો, જુની/આસી. ઈજનેરો શહેર વિકાસ, વિભાગ, દબાણ ખાતુ અને ખાનગી ઈજારદારના માણસોને સાથે રાખીને ડીમોલીશનની કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે

ટી.પી.સ્કીમ નં.૨૪ (ટૂંકી) માં ફા.પ્લોટ નં.૩૭, રે.સ.નં.૨૨/૧ થી નોંધાયેલ અને વેડ રોડ પર આવેલ વિશ્રામનગર સોસાયટીના કોર્નર પર વેડ રોડને અડીને શરૂ કરેલ મંજુર પ્લાન વિરુધ્ધનું ગ્રા. ફલોર + ૨ માળના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર વાળા બાંધકામને અત્રેથી મનાઈ હુકમ અને કારણદર્શક નોટીસ આપી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧૫મી ઓગષ્ટ : સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૩ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા.૧૫/૦૮/૨૦૧૩ન ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭, ઈશ્વરપુરા–નવાગામ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## મોજે : સીમાડામાં આવેલ વ્રજસેકટર–૨ માં આવેલ કામધેનું એપાર્ટમેન્ટમાં ઓ.ટી.એસ. તેમજ ગેલેરીમાં કરેલ બાંધકામનું ડીમોલીશન ઠાકોરદ્વાર માં ગેરકાયદેસર દુકાનોના શટર દુર કરતું વરાછા ઝોન.

(૧) પૂર્વ(વરાછા) જોન માં મોજે : સીમાડા, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮ (પુણા–સીમાડા), બ્લોક નં.૨૯, ફા.પ્લોટ નં.૧૫૫ માં આવેલ કામધેનુ એપાર્ટમેન્ટના ફલેટ નં.૧૦૬, ૨૦૧, ૨૦૩, ૨૦૭, ૨૦૮ તથા ૪૦૧ માં ઓ.ટી.એસ. તેમજ ગેલેરીમાં મંજૂર પ્લાનની વિરૂઘ્ધ કરવામા આવેલ આર.સી.સી. સ્લેબ તથા ચણતર કામ આશરે ૩૫૦.૦૦ ચો. ફૂટ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડી દુર કર્યું. તથા ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૦ (પૂણા), બ્લોક નં.૪૧૩, ફા.પ્લોટ નં.૧ માં આવેલ ઠકોરદ્વાર સોસાયટીના સબ પ્લોટ નં.૫૮ માં આવેલ દુકાનનું શટર દુર કરવામાં આવેલ છે.

આજરોજ પૂર્વ (વરાછા) ઝોનના ઝોનલચીફ અને ડે. કમિશનરશ્રી(સ્પે.) ના હુકમ મુજબ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીત ના માર્ગદર્શન અને નિગરાની હેઠળ પૂર્વઝોનના શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણખાતા સ્ટાફ તેમજ સીકયુરીટી સાથે ઉપરોકતે ડિમોલીશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) માં તા.૦૮/૦૮/૨૦૧૩ ના રોજ બે (૦૨) સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

## વસુલવામાં આવેલ વહીવટી ચાર્જ રૂા.૩૦,૦૦૦/–

(૧) ટી.પી.૧ (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૨૯ માં આવેલ રામજીનગર સોસાયટીના સબપ્લોટ નં.૧૫,૧૬ માં આવેલ મિલકતનું મંજુર પ્લાન વગરનું બાંધકામ ચાલી રહ્યું હતું જે અત્રેથી વખતોવખત અટકાવવામાં આવેલ, પરંતુ બાંધકામ ફરીથી ચાલુ કરવામાં આવતા, આજ રોજ તા.૮/૮/૧૩ ના રોજ ત્રીજા માળના સ્લેબના અંશતઃ ભાગમાં ડિમોલીશન કરવામાં આવેલ તથા ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– તથા ડિપોઝીટ ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલવામાં આવેલ.

(૨) ઉન વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન) ફા.પ્લોટ નં.૧૭૬/બી પૈકી બ્લોક નં.૨૨૮ માં સુરત–નવસારી મેઈન રોડ પર ઉન પ્લાયની બાજુમાં કોમર્શીયલ હેતુસરનું બાંધકામ ચાલી રહ્યું હતુ, જે બાંધકામ અત્રેથી બંધ કરાવ્યા બાદ પણ મિલકતદાર/કબ્જેદાર ધ્વારા તેની અવગણના કરીને ચાલુ રાખવામાં આવતા, આજરોજ તા.૦૮/૦૮/૧૩ ના રોજ કોર્મશીયલ હેતુસર બનાવેલ દુકાનોનું ચણતર કામ દુર કરીને, દુકાન નંગ–૯ ના રોલીંગ શટર્સ દુર કરવામાં આવેલ. તથા આર.સી.સી. સ્લેબમાં ગાબડા પાડવામાં આવેલ. તથા ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા ડિપોઝીટ ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલવામાં આવેલ.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૦૮/૦૮/૨૦૧૩ ના ગુરુવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ) રે.સ.નં.૪૫૯/૧, ફા.પ્લોટ નં.૯, માં આવેલ તાપીનગર સોસાયટીના સબ પ્લોટ નં.બી/૧૯ માં મિલ્કતદાર ધ્વારા હયાત ચાર માળની મિલ્કતમાં પાંચમા માળ શરૂ કરેલ આશરે ૧૨૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરેલ આર.સી.સી. સ્લેબ તેમજ કોલમોનું પરવાનગી વગરનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દૂર કરવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## ૧૫મી ઓગષ્ટ : સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કાર્યક્રમઃ–





ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા રંગપૂરણી સ્પર્ધા અને વેશભુષા હરિફાઈનું આયોજન તા.૦૮/૦૮/૨૦૧૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭, ઈશ્વરપુરા–નવાગામ, નવાગામ ડીંડોલી વોર્ડ ઓફિસની બાજુમાં, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. ૧૫મી ઓગષ્ટ : સ્વાતંત્ર્યદિનની લિંબાયત ઝોન વિસ્તારમાં થનાર ઉજવણીના ભાગરૂપે યોજાયેલ આ હરિફાઈમાં લિંબાયત ઝોન વિસ્તારની પ્રાથમિક શાળાના રંગપૂરણી હરિફાઈમાં ધો.૧ થી ૪ના ૧૫૦ થી વધુ સ્પર્ધકો અને વેશભૂષા સ્પર્ધામાં ધો.૪ થી ૮ના ૮૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

વેશભૂષા સ્પર્ધા(ધો.૪ થી ૮)

| વિજેતા ક્રમ | નામ | શાળાનું નામ | પાત્ર |
|---|---|---|---|
| પ્રથમ | પિંગળે ભૂમિક પ્રમોદભાઈ | કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા ન.પ્રા.શા.નં.૨૪૬ | પૃથ્વી |
| દ્વિતીય | પેંઢારકર પ્રેમકુમાર વસંતભાઈ | સંત રોહિદાસ ન.પ્ર.શા.નં.૨૪૧ | કવિ નર્મદ |
| તૃતીય | ભાવેશ એમ. શેલાર | વીર સાવરકર ન.પ્રા.શા.નં.૬૬ | સુભાષચંદ્ર બોઝ |
| આશ્વાસન | રોશની મનોજ જાવળે | કવિયત્રી બહિણાબાઈ ચૌધરી ન.પ્ર.શા.નં.૨૪૫ | રાણી લક્ષ્મીબાઈ |
| | સાવંત સુનિતા ગણેશ | ન.પ્રા.શાળા નં.૧૭૫ | પેન્સિલ |

વેશભૂષા હરિફાઈના વિજેતાઓ તેમજ રંગપૂરણી સ્પર્ધાના વિજેતાઓને ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭, ઈશ્વરપુરા–નવાગામ, નવાગામ ડીંડોલી વોર્ડ ઓફિસની બાજુમાં, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે ૧૫મી ઓગષ્ટ : સ્વાતંત્ર્યદિન નિમિત્તે યોજાનાર ધ્વજવંદનના મુખ્ય સમારોહમાં સન્માનિત કરવામાં આવશે. બંને સ્પર્ધાઓ દરમ્યાન ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, સ.ક.આ.પ્ર. અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. બંને હરિફાઈમાં ભાગ લેનાર તમામ હરિફોને સ્મૃતિભેટ(લ્હાણી) અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી હેમાંગભાઈ વ્યાસ અને માલાબેન નાયકએ સેવા આપી હતી. આ પ્રસંગે અધિકારશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ગેરકાયદેસર મિલ્કતોને ગુડા –૨૦૧૧ (ઈમ્પેકટ ફી) કાયદા હેઠળ કાયદેસર કરવા ઈમ્પેકટ ફી અંગેની અરજીઓ અરજદારશ્રીઓ ધ્વારા કરવામાં આવેલઃ–

સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૩(નવાપુરા), વોર્ડ નં.૪(બેગમપુરા), વોર્ડ નં.૫(હરિપુરા), વોર્ડ નં.૬(મહિધરપુરા), વોર્ડ નં.૭(રામપુરા) વિસ્તારમાં આવેલ ગેરકાયદેસર મિલ્કતોને ગુડા –૨૦૧૧ (ઈમ્પેકટ ફી) કાયદા હેઠળ કાયદેસર કરાવવા અંગે આજે તા.૦૮/૦૮/૧૩ ના રોજ સવારે ૯.૩૦ કલાક થી સાંજે ૫ઃ૦૦ કલાક સુધી છાપરીયા શેરી, ગલેમંડી–પીરછડી રોડ ખાતે આવેલ રીડીંગરૂમ (મલ્ટી એકટીવીટીસ સેન્ટર) ખાતે ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટભાઈ, શ્રી અજયભાઈ ચોકસી, ઉપરોકત વિસ્તારનાં મ્યુ. સભ્યશ્રી રાકેશભાઈ માળી, શ્રી જયંતિભાઈ તાણીયા, શ્રીમતી દર્શનાબેન જરીવાલા તથા મનોજભાઈ લોટવાલા, સામાજીક કાર્યકર્તાઓ તેમજ સેન્ટ્રલ ઝોનનાં અધિકારીશ્રી/ કર્મચારીશ્રી ધ્વારા સંયુકત અભીયાન રાખવામાં આવેલ છે. જેમાં કુલ ૨૪૫ ઈમ્પેકટ ફી અંગેની અરજીઓ અરજદારશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## ટ્રાફિક નિયંત્રણ માટે ખાંડબજાર થી લઈને સરથાણા જકાતનાકા સુધી એક રાઉન્ડ ગોઠવવામાં આવેલઃ–

આજરોજ સવારે ૧૦ઃ૦૦ કલાકે વરાછા વિસ્તારમાં આવેલ તમામ ટ્રાફીક જંકશન પર ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી સાથે શાસકપક્ષના નેતા આર.કે.લાઠીયા, કોર્પોરેટરશ્રી અરવિંદભાઈ ગોયાણી, કોર્પોરેટરશ્રી મુકેશભાઈ કોઠીયા, ટ્રાફિક સેલના કાર્યપાલક ઈજનેર જયદીપ ચૌહાણ અને વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેર પી.ડી.મુન્શીનો ટ્રાફિક નિયંત્રણ માટે ખાંડબજાર થી લઈને સરથાણા જકાતનાકા સુધી એક રાઉન્ડ ગોઠવવામાં આવેલ. રાઉન્ડ દરમ્યાન જરૂરી વ્યક્તિ ગેપ બંધ કરવા સુચના આપેલ તેમજ અધિકારીશ્રી તરફથી તાકીદે અમલ કરવાની ખાત્રી આપેલ.

TOP

## કુપોષણ સુરત છોડો અભિયાન અંતગર્ત આંગણવાડીનો કેન્દ્રો ખાતે ૫૨,૦૦૦ સફરજન વિતરણ કરવા અંગેનો કાર્યક્રમઃ–



સુરત મહાનગરપાલિકા તથા સુરત હોલ સેલ ફ્રૂટ વેચનારાઓની સહકારી મંડળી લી. (મહાત્માગાંધી ફ્રૂટ માર્કેટ) ના સહિયારા પ્રયાસથી આજરોજ તા.૧૨/૮/૧૩ના રોજ સવારે ૮ઃ૩૦ કલાકે અક્ષયપાત્ર સંસ્થા આઈમાતા ચોક પાસે આંગણવાડી કેન્દ્રો ખાતે ૦ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રીમાતાઓનો સફરજન વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ માન. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ. અન્ય ઉપસ્થિત મહાનુભાવોમાં માન. ડે. મેયરશ્રી દયાશંકરશ્રી, નેતા શાસકપક્ષશ્રી આર. કે. લાઠીયા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી કિશોરભાઈ બિંદલ, કોર્પોરેટર શ્રીમતી પ્રિતિબેન પટેલ, વિનોદભાઈ ગજેરા તથા શ્રીમતી રંજનબેન વસોયા, સુરત હોલ સેલ ફ્રુટ સહકારી મંડળી લી. ના પ્રમુખશ્રી ચંદ્રેશભાઈ મેવાવાળા સેક્રેટરીશ્રી મોહમ્મદભાઈ ચીકુવાલા, કાર્યકર, અતુલભાઈ પટેલ તથા સંદિપભાઈ અગ્રવાલ, ડે. કમિશનરશ્રી આર.જે.પટેલ (હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંતભાઈ દેસાઈ, ઝોનલ ઓફીસરશ્રી આર.વી.ગામીત અને શ્રી પી.ડી.મુન્શી હાજર હતાં.

સમારંભનો આરંભ આઈ.સી.ડી.એસ. ના સુપરવાઈઝરો ધ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યારબાદ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત ડે. કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) આર. જે. પટેલ ધ્વારા કરવામાં આવ્યું. તેમણે તેમના વકત્વયમાં જણાવ્યું કે, કુપોષણ સામાજિક અને રાષ્ટ્રીય સમસ્યા હોય તેને અટકાવવા સૌ કોઈએ સહિયારો પ્રયાસ કરવો પડશે. કુપોષણ સુરત છોડો અભિયાનમાં સુરત હોલ સેલ ફ્રૂટ વેચનારાઓની સહકારી મંડળી લી. (મહાત્માગાંધી ફ્રૂટ માર્કેટ) ધ્વારા આંગણવાડીના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને ૫૨,૦૦૦ સફરજનોનું ફળદાન કરી માનવતાની ઉત્કૃષ્ટ કામગીરી કરી છે તે બદલ આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું કે સુરત જેવા સમૃધ્ધ શહેરમાં બાળકોમાં કુપોષણ હોય તે આપણા સૌને ન પાલવે. આ માટે કુપોષણ છોડો સુરતનું અભિયાન મહાનગરપાલિકાને પ્રારંભ કરેલ છે અને તેમાં સૌના સાથ સહકારની જરૂર રહેશે.

માન. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ જણાવ્યું કે સુરત શહેરમાં તમામ ક્ષેત્રે વિકાસ થયો હોય અને વિશ્વનું ઝડપથી વિકસતા પામતાં શહેરમાં ગણના થતી હોય ત્યારે કુપોષણ જેવા અભિશાપને શહેરમાંથી દુર કરવા સુરત મહાનગરપાલિકાએ જે પહેલ કરી છે તેને બિરદાવી હતી. તેઓએ જણાવ્યું કે હાલમાં જ રમજાન માસ પુરો થયો છે અને પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ છે ત્યારે ''બાળદેવોભવ'' માટે સુરતીઓ જે કાર્યવાહી કરી રહ્યા છે તે પરથી સમગ્ર રાજય અને રાષ્ટ્ર પ્રેરણા લેશે એવી શ્રધ્ધા વ્યકત કરી હતી. તેમણે ૫૨,૦૦૦ સફરજનો આંગણવાડી કેન્દ્રો ખાતે આપવાનું માનવતાભર્યું કાર્ય કરવા બદલ સુરત હોલ સેલ ફ્રૂટ વેચનારાઓની સહકારી મંડળી લી. (મહાત્માગાંધી ફ્રૂટ માર્કેટ) નો આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે ત્યાં ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને સફરજન વિતરણ કરવામાં આવ્યા હતાં. તથા ૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો પર ૫૨,૦૦૦ સફરજન વિતરણ કરવા ૧૧ વાહનોને માન.મેયરશ્રી ધ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવેલ.

અંતે આઈ.સી.ડી.એસ. વિભાગના મેડીકલ ઓફીસર ડો.એચ.કે. સોંઘરવા ધ્વારા ઉપસ્થિત મહેમાનો તથા આયોજનમાં મદદ કરનાર સૌ કોઈનો આભાર માન્યો હતો.

TOP

## માહે જુલાઈ ૨૦૧૩ સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલઃ–

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુલાઈ ૨૦૧૩ દરમ્યાન ૪૦૫૯ ઈન્ડોર તથા ૪૧૭૨૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૦૫૨ તથા ૫૫૨ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૮૧૬૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૬૩૮ અને જુના ૧૫૧૮ દર્દીઓ સહીત કુલ ૨૧૫૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૧૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૮૪ તથા આંખ વિભાગમાં ૨૫૯૯ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૧૫૨ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમવર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યાં છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ મારફત તા.૧૦/૦૮/૨૦૧૩ તથા તા.૧૨/૦૮/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) મોજે ફુલપાડા વિસ્તારમાં જુની જી.આઈ.ડી.સી.ની બાજુમાં કેનાલ રોડ ઉપર આવેલ ઉત્કલનગર ઝુંપડાવાસીઓ પૈકીની રસ્તાના નડતરરૂપ ૭(સાત) ઝુંપડા તથા ૧ (એક) દુકાનનું દબાણ દુર કરી ૪૦૦ ચો. ફુટ માપ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. તા.૧૨/૦૮/૨૦૧૩ ના રોજ ઉત્કલનગર ખાતે આવેલ અંબાલાલની ચાલનું, ગ્રા. ફલોર + ૧ માળનું ૨૨૦૦ ચો.ફુટ પાકું બાંધકામ દુર કરી તથા ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આવેલ ૨(બે) ઝુંપડાનું દબાણ દુર કરી રસ્તામાં નડતરરૂપ કુલ ૨૪૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૮/૨૦૧૩ ના રોજ એડી.સીટી. ઈજનેરશ્રીની સુચના મુજબ અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરો, જુની/આસી. ઈજનેરો શહેર વિકાસ, વિભાગ, દબાણ ખાતુ અને ખાનગી ઈજારદારના માણસોને સાથે રાખીને ડીમોલીશનની કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૪ (ટૂંકી) માં ફા.પ્લોટ નં.૩૭, રે.સ.નં.૨૨/૧ થી નોંધાયેલ અને વેડ રોડ પર આવેલ વિશ્રામનગર સોસાયટીના કોર્નર પર વેડ રોડને અડીને શરૂ કરેલ મંજુર પ્લાન વિરુધ્ધનું ગ્રા. ફલોર + ૨ માળના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર વાળા બાંધકામને અત્રેથી મનાઈ હુકમ અને કારણદર્શક નોટીસ આપી કામ બંધ કરાવવામાં આવેલ તેમ છતાં મિલકતદારે સ્થળ પર બાંધકામ ચાલુ રાખતા તા.૧૩/૦૮/૨૦૧૩ ના રોજ ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ જેમાં ગ્રા. ફલોર પર અંદાજે ૧૩૦૦ ચો.ફૂટ આર.સી.સી. તેમજ અંદાજે ૧૦૮૦ ચો.ફુટ ચણતર કામ તેમજ બીજા માળની ઉપર ૨૦ આર.સી.સી. કોલમો સહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી ડીમોલીશન પેટે રૂા.૪૦,૦૦૦/— વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ) રે.સ.નં.૪૫૮/૨, ફા.પ્લોટ નં.૨ થી નોંધાયેલ અને વેડ દરવાજા મંગલગૃપ સોસાયટીના ગેટ પાસે ગ્રા. ફલોર + ત્રણ માળના બાંધકામમાં ચોથા માળ પર શરૂ કરેલ અંદાજે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તેમજ ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ ચણતર કામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી ડિમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા.૩૫,૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૩ (કતારગામ) માં નોર્થઝોન (કતારગામ) કચેરી પાસે ટોરેન્ટ પાવરના બી. રીસીવીંગ સ્ટેશન પાસેથી પસાર થતાં ૭.૫૦ મી.ટી.પી. રસ્તામાં દબાણ રૂપ ૧૯ ઝુંપડા તથા ભંગારનું મોટું ગોડાઉન નંગ—૧ નું દબાણ દુર કરી ૭.૫૦ મી. ટી.પી. રસ્તા પૈકી ૪૦૦૦ ચો.ફુટનું દબાણ હટાવી ટી.પી. રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

## ૧૫મી ઓગષ્ટ : સ્વાતંત્ર્ય દિનની ઉજવણી :–

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૩ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા.૧૫/૦૮/૨૦૧૩ન ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭, ઈશ્વરપુરા–નવાગામ, નવાગામ ડીંડોલી વોર્ડ ઓફિસની બાજુમાં, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સદર સમારોહમાં વર્ષ દરમ્યાન ઝોન તથા વિવિધ ખાતાઓના અધિકારી / કર્મચારીઓ દ્વારા કરેલ વિશિષ્ટ કામગીરી માટે તેઓને સન્માનિત કરવામાં આવશે. શહેરના નગરજનોને આ રાષ્ટ્રીય પર્વમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા આમંત્રિત કરે છે.

TOP